બાળકોનું બાઈબલ

રજૂ કરે છે :



# સુંદર એસ્તર રાણી

લેખક : Edward Hughes

સુચરિત્ર કરનાર : Janie Forest

અનુકૂલન : Ruth Klassen

ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી

નિર્માતા : Bible for Children
www.M1914.org

©2017 Bible for Children, Inc.
પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.

એક સમયની વાત છે, એસ્તર નામની એક સુંદર છોકરી હતી. જ્યારે તેના માતાપિતા ગુજરી ગયા ત્યારે તેના પિતરાઈ ભાઈ મોર્દખાઈએ તેને ઉછેરીને મોટી કરી. એસ્તરે પણ તેના પિતરાઈને પિતા સમાન ગણીને સારી પુત્રી તરીકે તેની આજ્ઞા પાળીને માન આપ્યું.





એસ્તર ઈરાન દેશમાં રહેતી હતી. પણ એસ્તર ઈરાની ન હતી. તે તો યહૂદણ હતી. તેના પૂર્વજો આ ઈરાન દેશમાં યુદ્ધના બંદીઓ બનીને આવ્યા હતાં. એસ્તરના દિવસોમાં ઘણા યહૂદીઓ ઈરાન દેશમાં રહેતા હતાં.



ઈરાનના રાજાએ
પોતાના વિશ્વના
બધા સરદારો માટે
એક ઊજાણી
રાખી. વાસ્તીની
રાણીની સાથે
બીજી સ્ત્રીઓ
ઉજાણી કરતી હતી
પણ પુરુષો અલગ
ખાતા હતાં.

રાજા જ્યારે દ્રાક્ષારસ પીને મસ્ત બની ગયો હતો.



ત્યારે તેણે વાસ્તી
રાણીને તેણીના
મુંગટ પહેરીને
તેની સુંદરતા
પ્રગટ કરવા માટે
તેને બોલાવવામાં
આવી. પણ
વાસ્તીની રાણીએ
તેનો ઈન્કાર કર્યો.

સ્ત્રીઓ પોતાના
પુરુષોને માન આપે
તે માટે રાજાએ એક
કાયદો પસાર કર્યો અને
તેણે વાસ્તી રાણી પરથી તેનો
રાજવી મુગટ ઉતારી લીધો.
હવે તે રાણી રહી નહીં.



હવે નવી રાણી
માટે શોધ કરવામાં
આવી. આખા
રાજ્યની સઘળઈ સુંદર
છોકરીઓમાંથી રાજાએ
એસ્તરને પોતાની પત્ની
કરવા માટે પસંદ કરી.



તેના માથા પર
રાજમુગટ મૂકવામાં
આવ્યો. એસ્તર રાણીએ
રાજાઓને કહ્યું નહીં કે તે
યહૂદણ હતી. કારણ કે
તેના પિતરાઈએ તેને
મના કરી હતી.



# આ પિતરાઈ મોર્દખાયે એસ્તરના સમાચાર



સાંભળવા માટે મહેલના દરવાજા પાસે પોતાનો સમય વિતાવ્યો. એક દિવસે તેણે દૂરથી સાંભળી લીધું કે મહેલના બે ચાકરો રાજાનું ખૂન કરવાની યોજના કરી રહ્યાં હતાં.



મોર્દખાયે એ ચેતવણી આપી દીધી જેથી રાજાનું જીવન બચી ગયું. એ ચાકરોને ફાંસી આપવામાં આવી, અને મોર્દખાયનું નામ રાજાના કાળવૃત્તાંતમાં નોંધી લેવામાં આવ્યું.

રાજાના પછીનો દરજ્જાનો માણસ જેનું નામ હામાન હતું તે ખૂબ જ શ્રીમંત વ્યક્તિ હતો. જે લોકો તેને નજીકથી જતા તે સઘળા તેને માથુ નમાવીને માન આપતા હતાં.



દરેક વ્યક્તિ પણ એક વ્યક્તિ નહીં.
એક યહૂદી, મોર્દખાય જે જીવતા
દેવની આરાધના કરતો હતો.



હામાને મોર્દખાયની એટલી બધી ઈર્ષા કરી કે તેણે ઈરાનમાંના સઘળા યહૂદીઓને મારી નાંખવાની યોજના કરી. તે કેટલું બધું ભયંકર હતું!



આ દુષ્ટ હામાને રાજાના હુકમના અમૂક કાગળો પર શાહી કરાવીને દરેક પ્રાંતોમાં મોકલી આપ્યા કે અમુક દિવસે આ બધા યહુદીઓનો સંહાર કરવામાં આવે.





એ તો ભયંકર કાયદો હતો. યહૂદીઓ અને ઈરાની લોકોએ તે માટે શોક કર્યો. પણ યાદ રાખો - ઈશ્વરે એસ્તરને રાણી બનાવી હતી. તે યહૂદણ હતી.



શું તે રાજાની હજૂરમાંથી તે
છાનું માનું રાખવાની હતી?
અથવા શું તે તેના લોકોને
બચાવવા જાય તો તેનું
પોતાનું જીવન જોખમમાં
આવી પડે તેમ હતું?

ઈશ્વરે એસ્તરને એક બુદ્ધિવાળો વિચાર આપ્યો. તેણીએ રાજા અને હામાનને ભોજન માટે બોલાવ્યા. ત્યાં રાજાએ તેને વચન આપ્યું કે, તે કંઈક માંગે.



“રાજા અને હામાન મારી ઉજાણીમાં આવતી કાલે ફરી વાર આવે.” એસ્તરે જવાબ દીધો. ત્યારબાદ તે જે રાજાને કહેવા માંગતી હતી તે કહેશે.



તે સમય દરમ્યાન હામાને
મોર્દખાયને ફાંસી પર
લટકાવી દેવા માટે એક
માચડો તૈયાર કરાવડાવ્યો.



તે રાત્રીએ રાજાને ઉંઘ ન આવી. ત્યાં
એ કાળવૃત્તાંતમાં નોંધ કરવામાં
આવ્યું હતું કે હામાને તેનું
જીવન બચાવ્યું હતું અને
તેને કોઈ બદલો
મળ્યો ન હતો.



બીજી સવારે, રાજાએ હામાનને પુછ્યું “રાજા જે વ્યક્તિનું બહુમાન કરવા ઈચ્છતો હોય તો તે તે માણસ માટે મારે શું કરવું જોઈએ?” હામાન ખૂબ જ ખુશ થયો તે વિચારવા લાગ્યો કે



હામાન મોર્દખાયને ફાંસી પર લટકાવવાની
રજા લેવા માટે તે રાજા પાસે આવ્યો હતો.
ફાંસીનો માચડો તૈયાર હતો. પણ
તેની રાહ જોઈ
શકાય
તેમ હતું.





ઉત્તેજનામાં હામાને સલાહનો ઢગલો
વાળી દીધો. “તેને રાજાનો પોશાક
પહેરાવવામાં આવે અને તેના માથા
પર રાજમુંગટ મુકવામાં
આવે.”
તેને
રાજાના
ઘોડા પર
બેસાડો.



રાજાના સરદારને આજ્ઞા આપો કે તે તેને શહેરમાં થઈને જાય જેથી લોકો તેને જોઈ શકે. “જલદી કર, આ બધું જે તેં કહ્યું છે તે મોર્દખાય યહુદીને માટે કર.”

રાજાએ આજ્ઞા આપી.


હામાને જ્યારે મોર્દખાયને શહેર દોરી લઈ નાચ્યો હશે ત્યારે તેને કેવું લાગ્યું હશે? તમે તે વિશે શું વિચારો છો?



તેણે પહેલા કરતાં પણ વધારે મોર્દખાયને ધિક્કારવા લાગ્યો હશે. “રાહ જો,” તેણે મનમાં કહ્યું હશે. “તે તેના યહૂદી લોકો સાથે થોડા જ સમયમાં મરી જનાર છે.”

“તે દિવસે થોડા સમય પછી હામાને અને રાજા એસ્તર રાણીની ઉજાણીમાં આવ્યા.” “તારી અરજ શું છે?” રાજાએ પૂછ્યું. તે તેનું વચન ભૂલી ગયો ન હતો. હામાનને બતાવીને એસ્તર રાણીએ હામાનની દુષ્ટ કાવતરા વિશે જણાવ્યું. “તેને ફાંસી પર લટકાવી દો!” રાજાએ કહ્યું.



ત્યારબાદ રાજાએ બીજો એક કાયદો પસાર કર્યો કે યહૂદી લોકો પોતાના બચાવ માટે લડી શકે છે. એ સઘળા યહૂદી લોકો બચી ગયા.



મોર્દખાય રાજ્યમાં રાજા પછીનો મુખ્ય વડો બની ગયો અને બધા યહૂદી લોકો આથી ખુશ થઈને એક બીજાને ભેટ આપી. આજે પણ એ લોકો કેવી રીતે ઈશ્વરે એસ્તર રાણી દ્વારા તેમને બચાવ કર્યો તે યાદ કરે છે.



# સુંદર એસ્તર રાણી

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

એસ્તર

“તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે.”
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

# સમાપ્ત

આ બાઈબલની વાર્તા જણાવે છે. આપણને
કોણે બનાવ્યા અને તે ઈચ્છે છે કે તમે તેને ઓળખો.

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ
બાબત કરી કે જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા
મરણ છે, પણ ઈશ્વર આપણને ખૂબ જ પ્રેમ કરે છે. જેથી તેણે
પોતાનો એકનો એક દિકરો, ઈસુ તેને મોકલી આપ્યો છે, જે
વધસ્તંભ પર મરી જઈને તમારા પાપની શિક્ષાને ઉઠાવી લીધી છે.
ત્યાર બાદ પ્રભુઈસુ જીવતા પાછા ઉઠીને પોતાનું ઘર જે સ્વર્ગ છે
તેમાં ગયા છે. તમે ઈસુ પર વિશ્વાસ રાખો છો તમે તમારા પાપોની
માફી માટે તેની પાસે માંગી શકો છો, તે તમારા પાપ માફ કરશે, તે
તમારી પાસે હૃદયમાં અંદર આવીને તમારી સાથે રહેશે
અને તમે સદાકાળ તેની સાથે રહી શકશો.

જો  તમે આ સત્યને સ્વીકારો છો તો તમે આ કહો:
પ્રિય ઈસુ, હું માનું છું કે તમે ઈશ્વર છો, અને મારા પાપો માટે મૃત્યુ પામવા માણસ બન્યા, તમે આજે જીવીત છો, કૃપા કરી તમે મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો. જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને હું સદા તમારી સાથે રહી શકું. તમારી આજ્ઞાઓ પાળવા માટે મને મદદ કરો જેથી હું તમારું બાળક બની શકું. આમીન.

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ
વાત કરો યોહાન ૩:૧૬